DOMS Page No.
Date / /

Name : Kali Kiran V

Roll No : 1

Subject : Banking and finance

PRN NO : E230300011004G1

Sem : Sem - 6

Paper Code : M-J-BAF-101

Kali Kiran V.

## (1) બેંકની અર્થ આપી, બેંકના વિવિધ પ્રકારો સમજાવો.

→ **બેંકની અર્થ :**

સરળ શબ્દોમાં કહીએ તો, બેંક એટલે ધિરાણ કરવાના હેતુથી નાણાં સ્વીકારતી સંસ્થા. બેંકિંગ સેવા આપતી સંસ્થાને બેંક તરીકે ઓળખવામાં આવે છે. બેંક લોકો પાસેથી વણવપરાયેલી રકમ થાપણ તરીકે સ્વીકારે છે, જેના પર તે વ્યાજ આપે છે. અને તે જ રકમ જરૂરિયાતમંદ લોકોને ધિરાણ (લોન) તરીકે આપે છે, જેના પર તે વધુ વ્યાજ વસૂલે છે.

**બેંકના મુખ્ય પ્રકારો :**

બેંકના કાર્ય અને તેના સ્વરૂપને આધારે મુખ્યત્વે બે પ્રકાર પાડવામાં આવે છે:

**1. વેપારી બેંક : (Commercial Bank)**

ભારતીય બેંકિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ, વેપારી બેંક એટલે એવી સંસ્થા જે બેંકિંગના વ્યવહારો કરે, એટલે કે દેશમાં ધિરાણ વધારવા માટે જનતાની થાપણો સ્વીકારે, જે જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ કે પે-ઓર્ડર દ્વારા ઉપાડ થઈ શકે.

ઉદા : SBI (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા), ICICI બેંક, HDFC બેંક વગેરે.

Kali Kiran V

## ૨. મધ્યસ્થ બેંક :- (Central Bank)

દરેક દેશમાં એક કેન્દ્રીય બેંક હોય છે. જે આખા દેશની તમામ બેંકોની કામગીરી પર નિયંત્રણ રાખે છે. અને નાણાકીય નીતિ ઘડે છે. ભારતમાં મધ્યસ્થ બેંક તરીકે 'ભારતીય રિઝર્વ બેંક' (RBI) કાર્ય કરે છે.

→ તે ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય કરે છે.

→ તે 'બેંકોની બેંક' તરીકે ઓળખાય છે.

### અન્ય પેટા પ્રકારો :-

→ સહકારી બેંકો ; જે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં સભ્યોના કલ્યાણ માટે કામ કરે છે.

→ ખેતી વિષયક બેંકો ; જે ખાસ કરીને ખેડૂતોને ધિરાણ આપવાનું કલ્યાણ માટે કામ કરે છે. (જેમ કે NABARD).

→ ઔદ્યોગિક બેંકો ; જે મોટા ઉદ્યોગોને લાંબાગાળાનું ધિરાણ પૂરું પાડે છે. (જેમ કે IDBI).

→ પેમેન્ટ્સ બેંક : જે મર્યાદિત નાણાકીય સેવાઓ આપે છે (જેમ કે Airtel Payments Bank, Paytm payments Bank.)

Kali Kiran M. Kiran

(1) વેપારી બેંકના મુખ્ય કાર્યો :- ( Commercial Bank Functions )

→ વેપારી બેંકો મુખ્યત્વે નફો કરવાના હેતુથી કામ કરે છે. તેના કાર્યો નીચે મુજબ છે:

(1) થાપણો સ્વીકારવી :
બેંક મહેર જનતા પાસેથી તેમની બચતો સ્વીકારે છે. તે મુખ્ય ચાર રીતે થાપણો સ્વીકારે છે.

→ ચાલુ ખાતુ :- સામાન્ય રીતે વેપારીઓ માટે હોય છે. આમાં જમા રકમ પર વ્યાજ મળતુ નથી, પણ ગમે તેટલી વાર વ્યવહાર કરી શકાય છે.

→ બચત ખાતુ :- મધ્યમ વર્ગ કે પગારદાર લોકો માટે, આમાં વ્યાજ થોડુંક મળે છે પણ બચતની સુવિધા રહે છે.

→ રિકરિંગ ખાતું ( Recurring Account ) : દર મહિને ચોક્કસ રકમ જમા કરાવવાની હોય છે.

→ લાંબી મુદતની થાપણ (Fixed Deposit - FD) : જે લાંબા સમય માટે પૈસા રોકવા માટે છે. અને તેના પર સૌથી વધુ વ્યાજ મળે છે.

(2) ધિરાણની અવલલી પૂરી પાડવી :
જ્યારે વ્યક્તિ કે ઉદ્યોગને નાણાંની જરૂર હોય ત્યારે બેંક વ્યાજ લઈને નાણાં આપે છે.

Kali Kiran ✓ Kiran

→ લોન દ્વારા (Home Loan, Car Loan, Business Loan).

→ ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ દ્વારા.

(૩) ગ્રાહકની સરળ ઉપાડની સવલત પૂરી પાડવી :-

ગ્રાહકની તેના નાણાં સરળતાથી ઉપાડવા માટે બેંક ચેક (Cheque), પે ઓર્ડર, ડ્રાફ્ટ કે ATM કાર્ડની સુવિધા આપે છે.

(૪) શાખ સર્જનનું કાર્ય (Credit Creation) :-

આ બેંકનું સૌથી મહત્વનું કાર્ય છે. બેંક પોતાની પાસે રહેલી થાપણોમાંથી લોન આપીને અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારે છે.

(૫) આંતર-બેંકિંગ વ્યવહારો :-

એક બેંક બીજી બેંકને ટૂંકા ગાળા માટે ધિરાણ આપે છે, તેને 'કોલ મની' (Call Money) કહેવામાં આવે છે.

→ ગૌણ કાર્યો (Secondary Functions) :-

→ એજન્ટ તરીકે :- તમારા વીમાના પ્રિમિયમ ભરવા, વીજળીનું બિલ ભરવા કે શેરબજારના વ્યવહારો કરવા.

Kali Kiran ✓ Kiran

→ લૉકરની સુવિધા : દાગીના કે કિંમતી દસ્તાવેજો સાચવવા માટે સેફ ડિપોઝિટ વૉલ્ટ આપવા.

→ વિદેશી હૂંડિયામણ : વિદેશ પ્રવાસ કે વેપાર માટે ચલણ બદલી આપવું.

## (2) મધ્યસ્થ બેંક ના કાર્યો :

ભારતીય રિઝર્વ બેંક (RBI) ભારતની સર્વોચ્ચ બેંક છે. તેના મુખ્ય કાર્યો આ મુજબ છે:

→ ચલણ બહાર પાડવું : ભારત સરકાર વતી ₹2થી લઈને ₹2000 સુધીની તમામ નોટો છાપવાનું કામ RBI કરે છે. (₹1 ની નોટ ભારતનું નાણા મંત્રાલય બહાર પાડે છે).

→ સરકારની બેંક : તે કેન્દ્ર અને રાજ્ય સરકાર માટે બેંકર, સલાહકાર અને એજન્ટ તરીકે કાર્ય કરે છે.

→ બેંકોની બેંક : તે અન્ય તમામ વેપારી બેંકો પર દેખરેખ રાખે છે અને જરૂર પડે ત્યારે તેમને ધિરાણ પણ આપે છે.

→ શાખ નિયંત્રણ : દેશમાં મોંઘવારી વધી ન જાય તે માટે બજારમાં નાણાંના પુરવઠાનું નિયંત્રણ કરે છે.